## વડીલોને વંદન અભિનંદન


પ્રકાશકુમાર ભાનુભાઈ મહેતા
(૧૯૫૬)ફોન: ૨૩૨૩૮૬૧૦


કનુભાઈ અમૃતલાલ શાહ
(૧૯૩૨)ફોન: ૨૩૨૨૯૩૫૯


શારદાબેન ડુંગાણી
(૧૯૪૫)ફોન: ૨૩૨૨૫૯૨૫


# શાનદાર કાંકરિયા કાર્નિવાલની પરંપરાગત રીતે ભવ્ય શરૂઆત

### સવારથી જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોનું ખાસ આયોજન કરાયુ : સાંજે કાર્નિવાલનું પરંપરાગતરીતે ઉદ્‌ઘાટન થયુ

અમદાવાદ,તા. ૨૫

સાત દિવસના ભવ્ય કાંકરિયા કાર્નિવાલની આજે પરંપરાગતરીતે શરૂઆત થઈ હતી. સાંજે નરેન્દ્ર મોદીએ સાંસ્કૃતિક કાર્યક્રમ અને આતશબાજી વચ્ચે કાર્નિવાલનું પરંપરાગત રીતે ઉદ્‌ઘાટન કર્યુ હતુ. અલબત્ત કાંકરિયા કાર્નિવાલના સાંસ્કૃતિક કાર્યક્રમો સવારે જ શરૂ થઈ ગયા હતા.

આજે સવારે ૧૦ વાગ્યે ફાઈન આર્ટ્‌સના વિદ્યાર્થીી તથા કલાકારો દ્વારા ભાતીગળ લોકસંસ્કૃતિ દર્શાવતા વોલ પેન્ટિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. બીજીબાજુ સવારમાં સ્લમ વિસ્તાર તથા મ્યુનિ શાળાના બાળકો દ્વારા રંગોલી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતુ. દિવસભર સાંસ્કૃતિક કાર્યક્રમ અને પેન્ટિંગ કાર્યક્રમો યોજાયા હતા. મોડી સાંજે નરેન્દ્ર મોદીએ કાંકરિયા કાર્નિવાલનું પરંપરાગતરીતે ઉદઘાટન કર્યુ હતુ. આવતીકાલે પણ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજે ૬.૦૦ વાગ્યા દરમિયાન બોન્સાઈ ટ્રી તથા ડેકોરેટીવ ફલાવર્સ, પ્રજ્ઞાચક્ષુ બાળકો દ્વારા ટ્રનની સવારીના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત વિચરતી જાતિ રમતોનું નિર્દેશન, રોક બેન્ડ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાંકરિયા કાર્નિવાલ આજે શરૂ થયા બાદ ૩૧મી ડિસેમ્બર સુધી ચાલશે. દરરોજ જુદા જુદા કાર્યક્રમો યોજાશે. કાંકરિયા કાર્નિવાલમાં આ વખતે પણ લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડે તેમ માનવામાં આવે છે.


કાંકરિયા કાર્નિવાલમાં વિવિધ કાર્યક્રમોની પરંપરાગત શરૂઆત કરી દેવામાં આવી છે.

# ગુજરાતમાં ત્રાસવાદી હુમલાની દહેશતને પગલે તંત્ર એલર્ટ

### ઠેરઠેર નાકાબંધીઓ અને ચકાસણી પ્રક્રિયા : આતંકવાદ વિરોધી દળની ગુજરાતની એસઓજી ટીમોને એલર્ટ રહેવા અને દરરોજના અહેવાલ આપવાની સૂચના

અમદાવાદ તા. ૨૫

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આવતીકાલે મહાનુભાવોની ઉપસ્થિતિમાં નરેન્દ્ર મોદીની શપથવિધિ અને સાથે સાથે હવે ટૂંકા ગાળામાં જ અનેક મોટા કાર્યક્રમોને લઈને સુરક્ષાતંત્રએ પણ સાવચેતીના તમામ પગલા લીધા છે. આવા ભરચક કાર્યક્રમોને ધ્યાનમાં લઈને આતંકવાદી હુમલા થઈ શકે છે તેવી સંભાવના ગુપ્તચર અહેવાલોમાં દર્શાવવામાં આવ્યા બાદ ગુજરાત પોલીસ તંત્રએ સાવચેતીના તમામ પગલા લીધા છે. સાવચેતીના પગલારૂપે ઠેર ઠેર નાકાબંધીઓ સાથે દરિયા કિનારા ઉપર પેટ્રોલિંગ વધારી દેવાયામાં આવ્યું છે. કોઈ પણ અનિચ્છિનીય બનાવને ટાળવા માટે તંત્રએ કમર કસી લીધી છે.

આતંકી હુમલાની દહેશતને ધ્યાને લઈને કચ્છની સરહદ ઉપર પણ વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.બીએસએફના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે. ઉપરાંત ઉચ્ચસ્તરે પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ સાથે વાતચીત કરવામાં આવી છે. જામનગરમાં રિલાયન્સની ઓઈલ રિફાઈનરીઓ અને એસ્સારની કંપનીઓ પણ આવેલી હોવાથી સુરક્ષા વ્યવસ્થા પર મહત્વની ચર્ચા કરવામાં આવી છે. સુરત નજીકની હજીરામાં આવેલી મોટી ફેક્ટરીઓમાં સલામતી વ્યવસ્થા અંગે પણ ચર્ચા કરવામાં આવી છે. ગુપ્તચર અહેવાલોના પગલે પગલે ગુજરાતના ત્રાસવાદી વિરોધી દળે રાજ્યભરની એસઓજી ટીમોને એલર્ટ રહેવાની સાથો સાથ ડે-ટુ-ડેના રિપોર્ટ એટીએસને આપવા સૂચના આપવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આવતીકાલે યોજાનાર મુખ્યમંત્રીના શપથ સમારોહ અને ૨૮મીએ અમદાવાદમાં રમાનાર મેચને લઈને સંવેદનશીલ વિસ્તારોમાં ચકાસણી હાથ ધરી છે.

# રેલવે સ્ટેશનો પર હવે જાણીતા રેસ્ટોરન્ટના ભોજનનો સ્વાદ માણવા મળશે

### રેલવે કેન્ટીનના નીરસ નાસ્તના બદલે જાણીતી રેસ્ટોરન્ટના ભોજનનો સ્વાદ હવે મુસાફરો માણી શકશે

ગાંધીનગર, તા. ૨૫

રેલવે મુસાફરી દરમ્યાન જો કોઈ ચીજ સૌથી વધુ પરેશાન કરી મૂકતી હોય કે કંટાળાજનક હોય તો તે છે રેલવે કેન્ટીનનું બેસ્વાદ ભોજન. ખાસ કરીને લાંબી મુસાફરી દરમ્યાન મુસાફરોને નાછૂટકે રેલવે કેન્ટીનનું બેસ્વાદ ભોજન આરોગવું પડે છે. મુસાફરોને હવે સ્વાદિષ્ટ ભોજન રેલવે સ્ટેશન પર જ ઉપલબ્ધ બને તેવા સમાચાર છે. રેલવે સ્ટેશનો પર જાણીતી રેસ્ટોરન્ટનું ભોજન મળે તેવી વ્યવસ્થા ટૂંક સમયમાં ગોઠવવામાં આવશે.

હવે રેલવે કેન્ટીનના બદલે રેલવે સ્ટેશનોની આસપાસની જાણીતી રેસ્ટોરન્ટના ભોજન પણ મંગાવી શકાશે. ગુજરાત સહિતના દેશના ૬૦ જેટલા રેલવે સ્ટેશનો પર હવેથી જાણીતા રેસ્ટોરાંની વાનગીઓનો સ્વાદ માણી શકાશે.

સુરત, વલસાડ, વડોદરા, રતલામ, અમદાવાદ, દિલ્હી, ગ્વાલિયર જેવા રેલવે સ્ટેશનોએ ટ્રાવેલખાના ડોટ કોમ નામના ફૂડ પોર્ટલ દ્વારા પ્રવાસી જે રેસ્ટોરાંનું ભોજન માગે તે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. આ વેબસાઈટના સ્થાપક પુષ્પીન્દરસિંઘના કહેવા પ્રમાણે દેશના ૬૦ રેલવે સ્ટેશનોની આસપાસના સ્થાનિક રેસ્ટોરાં સાથે કરાર કરવામાં આવ્યા છે અને તેના આધારે પ્રવાસીઓને ટ્રેનની જેતે સીટ પર જ ભાવતા ભોજન પહોંચાડી શકાશે. પ્રવાસીઓ નિયત તારીખ અને ટ્રેનના નામ સાથે ઓનલાઈન ઓર્ડર આપી શકે છે.

ટ્રેનોમાં મળતા ભોજનથી પ્રવાસીઓને સંતોષ નથી. આ હકીકતને ધ્યાનમાં લઈને જ લાંબા અંતરની ટ્રેનોમાં રેસ્ટોરાંના ભોજન પહોંચાડવાની ગોઠવણ કરવામાં આવી છે. ઓનલાઈન અથવા ફોન પર ઓર્ડર મેળવીને ભોજનની ડિલીવરી વખતે નાણાં લેવામાં આવશે. આ સેવાની ડિમાન્ડ વધવા માંડી છે.

# ઓફિસ બહાર લગાવાયેલા એ.સી.ના કોમ્પ્રેસરની ચોરી

### મેઘમલ્હાર કોમ્પ્લેક્ષની સીડીમાં કોમ્પ્રેસર ફીકસ હતું : નટ-બોલ્ટ ખોલીને ચોરી ગયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ ખાતે સ્થિત ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ સંલગ્ન સોલાર રૂફ ટોપ ઓફીસમાં લગાડવામાં આવેલા એ.સી.નું ઓફીસ બહાર ફીકસ કરાયેલું કોમ્પ્રેશર ઉઠાવી કોઈ શખ્સ ફરાર થઈ ગયો છે. આખેઆખું કોમ્પ્રેસર ચોરી થઈ ગયું હોવાની જાણ થતાં ઓફીસ સંચાલકે સે-૭ પોલીસ મથકે જાણ કરી ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગરના સેકટર-૧૧ ખાતે સ્થિત મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષમાં સોલાર રૂફ ટોપ નામની જી.પી.સી.એલ. (ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ) સંલગ્ન ઓફીસ આવેલી છે. તેમાં લગાડવામાં આવેલા એ.સી.ના કોમ્પ્રેસર કોમ્પ્લેક્ષની સીડીમાં ફીકસ કરવામાં આવ્યા હતા. તે પૈકીના એક આખે આખા વજનદાર કોમ્પ્રેસરને કોઈ ચોર શખ્સ ચોરી કરી પલાયન થઈ ગયો છે. રૂ. ૫ હજારની કિંમતનું કોમ્પ્રેસર ચોરી થયા અંગે પોલીસને જાણ કરાતાં સે-૭ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## સ્વ. તુલસીબેન પટેલના ચક્ષુઓનું દાન લેવાયું

ગાંધીનગર, તા. ૨૫

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરના પ્રમુખ કમલ ચૌધરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં તુલસીબેન અમૃતભાઈ પટેલનો તેમના નિવાસે પ્લોટ નં. ૧૪૧/૧, સેકટર-૧-બી, ગાંધીનગર ખાતે સ્વર્ગવાસ થતાં ડૉ. મહિપતસિંહ પરમારની પ્રેરણાથી તેમજ તેમના કુટુંબીજનોના સંમતિથી ચક્ષુઓનું દાન અપાયું છે.

તુલસીબેન પટેલના ચક્ષુઓનું તબીબી ડૉ. મીનળબેન પારેખ દ્વારા દાન લેવાયું હતું. જુનિયર સિટિઝન્સ કાઉન્સીલના કર્મચારી દિનેશ દવે, સન્ની વાઘેલા દ્વારા સેવા આપવામાં આવી હતી તથા ચક્ષુદાનમાં આવેલા ચક્ષુઓ ચક્ષુબેંક અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રાજેન્દ્ર જાની દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા.

## અટલબિહારી બાજપેયીને જન્મદિનની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય જનતા પાર્ટીના સૌથી વરિષ્ટ માર્ગદર્શક અને પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપેયીના જન્મદિન પ્રસંગે આજે તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. આજે પચીસમી ડિસેમ્બરે અટલબિહારી બાજપેયીના જન્મ દિવસે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ બાજપેયીનો સવારે ટેલિફોન પર સંપર્ક કરી જન્મદિનની શુભકામનાઓ પાઠવી હતી અને પુષ્પગુચ્છ પાઠવી તંદુરસ્ત જીવનની શુભેચ્છાઓ આપી હતી.

## આજે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ના પ્લોટ નં. બી-૨૩ ખાતે નિવાસ કરતા કૌશિકભાઈ ગજ્જરને ત્યાં આજે તા. ૨૬મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ રાત્રે ૮ કલાકે યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે. સુંદરકાંડના આ ભકિત સંગીત કાર્યક્રમમાં જોડાવા સર્વે ભકતોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ઇન્ડિયા ફર્સ્ટ લાઇફ ઇન્સ્યોરન્સે સીએઇ કેપિટલ માર્કેટ્સ સાથે જોડાણ કર્યુ

ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સે કલકત્તા સ્ટોક એક્સચેન્જની સબસિડયરી સીએસઇ કેપિટલ માર્કેટ્સ પ્રા. લિ. સાથે જોડાણ કર્યું છે. આ જોડાણને કારણે ઈન્ડિયા ફર્સ્ટ લાઈફના પ્રોડક્ટ ડિસ્ટ્રીબ્યુશનને વેગ મળશે. ખાસ કરીને પૂર્વ ભારતનાં બજારમાં તેને પ્રવેશવાની આકર્ષક તક ઉપસ્થિત થશે.

ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સના મેનેજિંગ ડાયરેકટર ડૉ. પી. નંદગોપાલ અને સીએસઈનાં મેનેજિંગ ડાયરેકટર અને સીઈઓ માધવ રેડ્ડી દ્વારા આ જોડાણની જાહેરાત કરવામાં આવી હતી.

ડૉ. નંદગોપાલે આ પ્રસંગે જણાવ્યું હતુ કે, સીસીએમપીએલ સાથે જોડાણ કરતા અમને ઘણો જ આનંદ થાય છે. અમને વિશ્વાસ છે કે આ જોડાણથી પૂર્વ ભારતમાં અમારૂં વિતરણ માળખું સુદૃઢ બનશે. આગામી બે કે ત્રણ વર્ષમાં અમે ૧૦થી ૨૦ ટકાની વૃધ્ધિની ધારણા રાખીએ છીએ.

## નેતા પદે નરેન્દ્ર મોદી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વલ્લભભાઈ કાકડિયાએ ટેકો આપ્યો હતો. આ ઉપરાંત ભાજપના તમામ ધારાસભ્યોએ પણ તેને ટેકો આપતાં નરેન્દ્ર મોદીને સર્વાનુમતે ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

નરેન્દ્ર મોદીને વિધાનસભા પક્ષના નેતા તરીકે પસંદ કરવામાં આવતાં ટાઉનહૉલમાં ઉપસ્થિત ધારાસભ્યો, સાંસદો, પ્રદેશ હોદ્દેદારો અને કાર્યકરોએ તાળીઓના ગડગડાટ સાથે તેમની વરણીને વધાવી લઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

ભાજપના રાષ્ટ્રીય નેતાઓ અરૂણ જેટલી, બલબીર પુંજ, વી. સતીષજી અને ઓમ માથુર, રૂપાલાએ પુષ્પ આપી તેમને શુભેચ્છા પાઠવી હતી.

ટાઉનહૉલમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોએ વંદે માતરમ્, નરેન્દ્ર મોદી તુમ આગે બઢોના નારાઓથી ટાઉનહૉલ ગજવી મૂક્યો હતો અને સમગ્ર ટાઉનહૉલ કેસરીયા રંગે રંગાઈ ગયો હતો.

ભાજપ વિધાનસભા પક્ષની આજે મળેલી બેઠકમાં અંજારના ધારાસભ્ય વાસણભાઈ આહિર, ભૂજના ધારાસભ્ય ડૉ. નિમાબેન આચાર્ય, માંડવીના ધારાસભ્ય તારાચંદ છેડા, ગાંધીધામના ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી અને રાપરના ધારાસભ્ય વાઘજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## પીઠ થાબડે છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવી નવી શક્તિ એકત્ર કરતા હતા. સત્યાગ્રહની સફળતા કે નિષ્ફળતા નહીં પણ નવી શક્તિઓનો સરવાળો કરી સત્યાગ્રહને નવી દિશા આપતા હતા.

મોદીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં વિકાસનો મંત્ર છે અને એ પણ એટલા માટે કે ગુજરાતમાં એટલું સામર્થ્ય છે કે અહીંનો યુવાન પત્થરને પાટુ મારી કંચન બનાવી શકે છે. તેમણે જણાવ્યું હતુ કે વિકાસની ગતિ હવે વધુ વેગીલી બનાવવી પડશે અને તેમાં આ પાંચ વર્ષ કે ગયા પાંચ વર્ષ નહીં પણ આગામી પાંચ વર્ષમાં ભવ્ય ગુજરાતના નિર્માણ માટે આગળ વધવાનું છે અને એ માટે બધાએ ખભેખભા મિલાવવા પડશે. નવી શક્તિઓને આપણી સાથે જોડવી પડશે.

મુખ્યમંત્રી મોદીએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં અર્થાત્ ૧૫ દિવસના ગાળામાં જ ભવ્યાતિભવ્ય વાયબ્રન્ટનું આયોજન કરવામાં આવ્યું છેજેઆયોજનનેસફળ બનાવવા માટેની તૈયારીઓ ચૂંટણી પરિણામ પહેલાંથી થઈ ગઈ છે અને તે જ બતાવે છે કે આપણો વિચાર કેટલો પરિપક્વ હતો જે આજે વૃક્ષ બની ઊભરી રહ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે નેતાપદે ચોથીવાર વરણી થઈ તેનું ગૌરવ જરૂર થાય પણ તે સાથે વધેલી જવાબદારી વધુ તીવ્ર છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે પ્રજાએ મત આપી પદની સાથે તેની લાગણીઓને જાળવવા અને જોવા માટેની વિશેષ જવાબદારી સોંપી છે.

આ સભાને કેન્દ્રીય નિરીક્ષક અને રાજ્યસભાના વિપક્ષના નેતા અરૂણ જેટલીએ સંબોધતાં જણાવ્યું હતું કે ગુજરાત સંગઠનની તાકાત જ શ્રેષ્ઠ છે અને શ્રેષ્ઠતા હોય ત્યાં પરિણામ શ્રેષ્ઠ આવે જ. તેમણે કહ્યું હતુ કે સંગઠનમાં તમામ અધિકારીઓ અને કાર્યકર્તા એક મત બનીને કામ કરતા જોયા હતા જેનો મને સૌથી વધુ આનંદ છે. તેમણે જણાવ્યું હતું કે આ ટીમના કેપ્ટન તરીકે નરેન્દ્રભાઈએ પણ કુશળ નેતૃત્વ પુરું પાડ્યું છે એમાં કોઈ બેમત નથી.

જેટલીએ જણાવ્યું હતું કે ચૂંટણીમાં સતત ચાર ટર્મ સરકાર જીતીને આવી હોય એ જ બતાવે છે કે સરકારની સકારાત્મકતાની રાજનીતિ સ્થિરતા આપી શકે છે. તેમણે મોદીના નેતૃત્વને બિરદાવતાં જણાવ્યું હતું કે સ્થિરતાની સાથે વિકાસનું સુયોગ્ય રીતે સંકલન કરવાનો યશ તેમને છે. આ ગુજરાતનાં પરિણામોથી દેશને અમે સંદેશ આપ્યો છે કે ભાજપ આવું સુશાસન આપવા ઈચ્છે છે.

## શબ્દાવલી - ૪૯૩૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | ■ | | ■ | ૬ | | |
| | ■ | ૭ | | ૮ | | ■ | ■ |
| ■ | ૯ | ■ | ૧૦ | | | | ૧૧ |
| ■ | ૧૨ | ૧૩ | ■ | | ■ | ૧૪ | |
| ૧૫ | | | | ■ | ૧૬ | | ■ |
| | ■ | | ■ | ૧૭ | | | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | | | | |

### આડી ચાવી

૧. નિયત થયેલું, નક્કી કરેલું (૪)
૩. પુત્ર કે પુત્રી તે... કહેવાય (૩)
૬. ઘુસવું, અંદર જવું (૩)
૭. એક રાતમાં જ (૪)
૧૦. શિવજી... વગાડે, એક વાદ્ય (૩)
૧૨. સ્થિતિ (૨)
૧૪. ત્રાંસુ (૨)
૧૫. વિવાહ, નક્કી કરવું (૪)
૧૬. પધારો, સિધાવો (૨)
૧૭. એક નાની સરખી..., લહેર (૪)
૧૯. શરમ (૨)
૨૦. સાવધાન (૫)

### ઊભી ચાવી

૧. સાર (૩)
૨. ... મહેનત, કાળી મજૂરી (૪)
૩. કોઈને પહોંચાડવા માટે સોંપાયેલ વસ્તુ (૪)
૪. એક વાસણ, વાળ (૨)
૫. જૂનું નહિ તેવું (૨)
૮. સીતાજીના પતિ (૩)
૯. સૌભાગ્ય, એક હિન્દી ફિલ્મ (૩)
૧૧. ટોળુ, સમુહ (૨)
૧૩. ચીકણુ, લપસી પડાય તેવું (૩)
૧૪. આયુષ્ય (૪)
૧૫. પ્રશ્ન (૩)
૧૬. અંગત ના હોય તેવું (૩)
૧૭. હોઠ (૨)
૧૮. દૂધ-ભાતની એક વાનગી (૨)

### શબ્દાવલી ૪૯૩૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) શરારત (૫) તારીફ (૮) રીતસર (૯) કસર (૧૦) મસકો (૧૨) રફતાર (૧૫) કલાઈ (૧૭) સફલ (૧૮) દડો (૨૧) રૂલ (૨૨) ટપાલ (૨૪) દરદ (૨૫) ડક

**ઊભી ચાવી :-** (૧) શરીફ (૨) રાત (૩) રસમલાઈ (૪) તરસ (૫) તાક (૬) રીસ (૭) ફરફર (૧૧) કોરસ (૧૩) ફફડાટ (૧૪) તાલ (૧૫) કદ રૂપું (૧૬) લાડોલ (૧૯) સુંદર (૨૦) પલક (૨૩) પાડ

## જાહેર નિવિદા

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવા જતી વિવિધ રમતની ટીમોના ખેલાડીઓ માટે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ઠ્ઠ/. મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર દ્વારા (૦૭૯-૨૩૨૪૧૧૮૦) સ્પોર્ટસ કીટ જેમાં - ટ્રેક શુટ, ટી-શર્ટ, સ્પોર્ટસ શુઝ, શોર્ટસ, સ્કર્ટ તથા સોક્સ ખરીદવાના થાય છે. રસ ધરાવતી સંસ્થા / ઈસમોએ ટેન્ડર ફોર્મ ઉપરોક્ત કચેરી ખાતેથી કચેરી સમય દરમિયાન મેળવી બંધ કવરમાં તા. ૫-૧-૨૦૧૩ના રોજ ૧૮-૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા પોસ્ટથી મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

સહી/- (એચ. બી. સાવલિયા)
સિનિયર કોચ
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,
ગાંધીનગર

માહિતી/૧૮૦૮/૧૨-૧૩

## ભોજન ટેન્ડર નોટીસ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર હસ્તકની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર. (ફોન ૦૭૯-૨૩૨૪૧૧૮૦)ની કચેરી દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ અને પ્રશિક્ષણના શિબિરાર્થીઓને ૩૧-૩-૨૦૧૪ સુધી શુદ્ધ, સાત્વિક અને પુરતી કેલરીવાળું ભોજન પુરું પાડવા અંગે બંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. આ ટેન્ડરના નિયત ફોર્મ તથા ભોજન મેનું રસ ધરાવતી પાર્ટીએ ઉપરોક્ત કચેરી ખાતેથી કચેરી સમય દરમિયા તા. ૪-૧-૨૦૧૩ સુધીમાં મેળવી પરત કરવાના રહેશે.

સહી/-
સિનિયર કોચ
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,
ગાંધીનગર

માહિતી/૧૮૦૭/૧૨-૧૩

## ગુજરાત મેરીટાઈમ બોર્ડ

### જાહેર નિવિદા નં. ૧/૨૦૧૩-૨૦૧૪

ઉપાધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, સેક્ટર-૧૦/એ, 'છ' રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦ તરફથી જીએમબીનાં લોગોવાળી ટી-શર્ટ સપ્લાય કરવાના બાબતે ગાર્મેન્ટ / રમતગમતના સાધનોના વિક્રેતાઓ પાસેથી સીલબંધ ભાવો મંગાવવામાં આવે છે, જે જનરલ મેનેજર (એચ.આર.)ના નામે તા. ૪-૧-૨૦૧૩ સુધીમાં કચેરી સમય દરમિયાન સ્પીડ પોસ્ટથી મોકલવા જણાવવામાં આવે છે.

- કવર ઉપર કામનું નામ **''સપ્લાય ઓફ ટી-શર્ટ વીથ જીએમબી લોગો''** અને સપ્લાયરનું નામ લખવાનું રહેશે.
- ભાવો કરવેરા, વેટ તથા કચેરીએ ડીલીવરી કરવાના ચાર્જ સાથે ભરવાના રહેશે.
- આશરે નંગ-૩૦૦ જુદી જુદી સાઈઝમાં સપ્લાઈ કરવાની રહેશે.
- વધુ વિગતો માટે તથા સેમ્પલ ટી-શર્ટ જોવા ઉપરોક્ત કચેરીનો અચૂક રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.
- **કલ્યાણ અધિકારી, સંપર્ક નં. ૦૭૯-૨૩૨૩૮૩૪૬-૪૭-૪૮**

માહિતી/૧૮૧૫/૧૨-૧૩

## જાહેર ખબર

### પશુપાલન નિયામકની કચેરી

કૃષિ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

આ કચેરી હસ્તકની એમ્બેસેડર **GJ.1.G.-3444** જાહેર હરાજીથી નિકાલ કરવાની છે.

**હરાજીનું સ્થળ** : પશુપાલન નિયામકની કચેરી, પોડીયમ લેવલે, કૃષિભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

**હરાજીની તારીખ અને સમય** : તા. ૮-૧-૨૦૧૩
બપોરે : ૧૨-૦૦ કલાકે

હરાજીની શરતો બોલીઓ હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. જે ઈસમો હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ હરાજીના સમયે રૂબરૂમાં ડીપોઝીટની રકમ રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) રોકડા ભરવાના રહેશે.

સહી/-
પશુપાલન નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૮૯૭/૧૨-૧૩

## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ : ૨૦૧૨-૧૩

### ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

આથી રસ ધરાવતી અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ગાંધીનગર મહાનગરપાલિકાના (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ) ઝોન વિસ્તારોમાં ડોર/ગેટથી વેસ્ટ કલેક્ટર કરી સુચિત સાઈટ / ડિસ્પોઝલ સાઈટ સુધી વહન કરી કચરાના બંધ બોડીના વાહનો દ્વારા ઘન કચરાના નિકાલની બે વર્ષ માટેની કામગીરી કરવાના ભાવો **n.procure.com**ની સાઈટ પર ઓન લાઈન મંગાવવામાં આવે છે. રસ ધરાવનાર પેઢીઓએ **n.procure.com** સાઈટ પરથી ટેન્ડર ડૉક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓન લાઈન 'પ્રાઈસ બીડ' ભરવાના રહેશે.

| | | |
|---|---|---|
| ટેન્ડર ફી | : | ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૨,૦૦૦/- |
| અર્નેસ્ટમની ડીપોઝીટ | : | રૂ. ૫,૦૦,૦૦૦/- |
| સીક્યોરીટી ડીપોઝીટ | : | રૂ. ૧૨,૦૦,૦૦૦/- |
| ટેન્ડર અપલોડ કરવાની તારીખ | : | ૨૬-૧૨-૨૦૧૨ થી ૧૮-૧-૨૦૧૩ |
| પ્રિ-બીડ મિટીંગની તારીખ | : | ૮-૦૧-૨૦૧૩ |
| પ્રિ-બીડ રીસ્પોન્સ | : | ૮-૦૧-૨૦૧૩ |
| ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ | : | ૧૮-૦૧-૨૦૧૩ |
| ટેકનીકલ બીડ મોકલવાની છેલ્લી તારીખ | : | ૨૯-૧-૨૦૧૩ બપોરના ૪-૦૦ કલાક સુધીમાં |
| ટેન્ડર ઓનલાઈન ખોલવાની તારીખ | : | ૩૧-૧-૨૦૧૩ |
| ટેન્ડર મોકલવાનું સરનામું | : | ગાંધીનગર મહાનગરપાલિકા, બહુમાળી ભવન, પ્રથમ માળ -૩૦૨૦૧૧ ફોન નંબર : ૦૭૯-૨૩૨૨૦૪૪૦ |

સ્થળ : ગાંધીનગર
તા. ૨૧-૧૨-૨૦૧૨
માહિતી/૧૮૦૧/૧૨-૧૩

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

SANGHI CEMENT
Kisan
VINAYAK 500
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,